
D
૪૫૬

1600099



# માબાપોને...

શ્રી ગિજુભાઈ બધેકા

શ્રી. ગં. બા. ગં.

આબાપોને........


: પ્રકાશક :

દિનુભાઈ દવે

શારદામંદિર

નવા શારદામંદિર રોડ,

અમદાવાદ—૩૮૦૦૦૭

કિંમત રૂા. ૨—૦૦

# પ્રાસ્તાવિક

આજથી પચાસ કરતાં પણ વધુ વર્ષો પહેલા શ્રી ગિજુભાઇએ 'માબાપોને' બાળકો માટે જે કહ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે, આવી લાગણી સાથે આ નાની એવી પુસ્તિકા શ્રી ગિજુભાઇની જન્મશતાબ્દિની ઉજવણીના વર્ષમાં આપના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

ઓકટોબર '૮૫માં દિલ્હીમાં એક પબ્લીશરે બોલાવેલા સેમિનારમાં મધ્યપ્રદેશના એક ભૂતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી શ્રી કાશીનાથભાઇ ત્રિવેદીએ શ્રી ગિજુભાઇ વિશે પોતાના પ્રવચનમાં જણાવ્યું ત્યારે સમગ્ર દેશમાંથી આવેલા કેળવણીકારોમાંથી મોટા ભાગના મહાનુભાવોને પ્રથમવાર શ્રી ગિજુભાઈએ બાળકો માટે જે કાર્ય કર્યું હતું તેનો પરિચય થયો એટલું જ નહીં તેમની ભારે પ્રશંસા વ્યકત કરી અને ગુજરાતમાં અર્ધીશતાબ્દિ કરતાં પણ વધુ સમયથી બાળ-કેળવણીમાં જે કાર્ય થાય જે તે જાણી આશ્ચર્ય થયું.

ગુજરાતનું એ સદનશીબ છે કે શ્રી ગિજુભાઇ જેવી વિરલ પ્રતિભા તેને સાંપડી અને તેમના સાથીદારોએ અને વિદ્યાર્થીઓએ તાલીમ લઈ સમગ્ર ગુજરાતમાં બાળ-કેળવણીનું કામ યશસ્વી રીતે કર્યું. આના પરિપાકરૂપે ગુજરાતને બાળકેળવણીનું સાહિત્ય પણ સારીરીતે પ્રાપ્ત થયું

એ સાહિત્યનો નાનો સરખો અંશ આપવાનો આ અમારો પ્રયત્ન છે. આ કાર્યમાં શ્રી ઉર્મિલાબહેન શાહ શ્રી. જ્યોત્સ્નાબહેન શોધન શ્રી સ્મિતાબહેન ઝવેરી અને શ્રી ભાનુબહેન ત્રિવેદીએ જે રસ દાખવ્યો છે તે બદલ આભાર ની લાગણી વ્યકત કરી વિરમુ છું.

આ નાની પુસ્તિકા માટે ગિજુભાઈનું લખાણ પ્રગટ કરવા દેવા બદલ પૂ. વિમુબહેન બધેકાના અને બ્લોકનો ઉપયોગ કરવા દેવા બદલ આર. આર. શેઠની કંપનીનાં અમે આભારી છીએ. આ પુસ્તક પ્રગટ માટે વાઘબકરી ચાવાળા સંચાલિત આશા-કિરણ ટ્રસ્ટના સૌજન્ય બદલ ટ્રસ્ટનો આભારી છું.

હિનુભાઇ દવે

શ્રાવણ સુદ-૭, સંવત ૨૦૪૨
સંસ્થાનો ૬૨ મો સ્થાપનાદિન.

# આબાપોને

## બાળકનું ઘરમાં સ્થાન કયું ?

રોજ-રસોઈ કોને પૂછીને થાય છે ?

બાળકને આ વસ્તુ ભાવશે કે નહીં, તેને આ પચશે કે નહીં, એવા વિચાર રાંધતી વખતે કેટલી માતાઓ કરે છે ?

બાળકોને કંઈ ભાવે નહીં, તો આપણે કહીએ કે તેને ખાતાં જ કયાં આવડે છે ? એને સ્વાદનું ભાન જ કયાં છે ?

તીખું લાગે ને બાળક ખાવાની ના પાડે, તો આપણે કહીએ કે તીખું ખાવાની ટેવ તો પાડવી જોઈએ ના ?

આપણને ખારું-ખાટું ગમતું હોય તો આપણે તેને ખારું-ખાટું ખાવાનાં હિમાયતી કરીએ, ભાત ભાવતો હોય તો ભાતના ને શાક ભાવતું હોય તો શાકના હિમાયતી કરીએ.

બાળકે આપણા હુકમને અનુસરવું જોઈએ જ, કારણકે આપણું શરીર તેના કરતાં મોટું છે. પણ એટલેથી આપણને સંતોષ કયાં છે ? એણે તો આપણી ટેવોને, આપણા શોખોને ને આપણી પસંદગીને પણ પોતાની જ કરવી જોઈએ.

આપણે જેમ બેસીએ તેમ બેસતાં તેણે શીખવું જોઈએ; આપણે જેમ બોલીએ તેમ તે બોલે તો જ તેને બોલતાં આવડયું કહેવાય, આપણે જે ખાઈએ તે બાળક ન ખાય તો તેને ખાતાં કયાંથી આવડે ?

આપણે ઈચ્છીએ છીએ કે જેવા આપણે છીએ તેવાં બાળકો થાય. આપણે પોતે જ ઠરાવી દીધું છે કે બાળકો માટે આપણો આદર્શ પૂરતો છે. આપણાથી ઉચ્ચ વૃત્તિનાં ને શક્તિનાં બાળકો થઈ શકે એ ખ્યાલ આપણામાં છે ?

આપણા પૂર્વજો કરતાં કેટકેટલી બાબતોમાં આપણી ચડતી થઈ તેનો ઈતિહાસ આપણે જાણીએ છીએ ?

દુનિયા આગળ વધે છે કે પાછળ જાય છે ?

બાળવિચારને આપણા હૃદયમાં કેટલું સ્થાન છે ? બાળકને વિલાયતીને બદલે દેશી કપડાં પહેરવાં હોય તો તો આપણને આપણું અર્થશાસ્ત્ર આડે નથી આવતું ? આપણે આપણી સ્વાર્થી દૃષ્ટિ ભૂલી જઇએ છીએ ખરા ? નવા યુગની કલ્પના એને પણ ઝીલવાં નથી દેતાં એ વાત ખરી છે કે ખોટી ?

ઘણાં બાળકોને માથે ટોપી પહેરવી અથવા પગમાં જોડા પહેરવા નથી ગમતાં; પણ દીકરો ઉઘાડે માથે અને ઉઘાડે પગે હોયતો બાપની આબરૂ જાય તેનું શું ?

પહેરણનું ગજવું બાપને ગમે ત્યાં જ થાય ના ? બાળકની સગવડ જોવાની વાત તો ધ્યાન પર જ કેમ લેવાય ?

છોકરીનાં ઘાઘરી–પોલકાની જાતો તો માએ જ નક્કી કરવી જોઇએ ના ? બાળકમાં પસંદ કરવાની શક્તિ છે,

# પ્રાસ્તાવિક

આજથી પચાસ કરતાં પણ વધુ વર્ષો પહેલા શ્રી ગિજુભાઈએ 'માબાપોને' બાળકો માટે જે કહ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે, આવી લાગણી સાથે આ નાની એવી પુસ્તિકા શ્રી ગિજુભાઈની જન્મશતાબ્દિની ઉજવણીના વર્ષમાં આપના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

ઓકટોબર '૮૫માં દિલ્હીમાં એક પબ્લીશરે બોલાવેલા સેમિનારમાં મધ્યપ્રદેશના એક ભૂતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી શ્રી કાશીનાથભાઈ ત્રિવેદીએ શ્રી ગિજુભાઈ વિશે પોતાના પ્રવચનમાં જણાવ્યું ત્યારે સમગ્ર દેશમાંથી આવેલા કેળવણીકારોમાંથી મોટા ભાગના મહાનુભાવોને પ્રથમવાર શ્રી ગિજુભાઈએ બાળકો માટે જે કાર્ય કર્યું હતું તેનો પરિચય થયો એટલું જ નહીં તેમની ભારે પ્રશંસા વ્યકત કરી અને ગુજરાતમાં અર્ધીશતાબ્દિ કરતાં પણ વધુ સમયથી બાળ-કેળવણીમાં જે કાર્ય થાય જે તે જાણી આશ્ચર્ય થયું.

ગુજરાતનું એ સદનશીબ છે કે શ્રી ગિજુભાઈ જેવી વિરલ પ્રતિભા તેને સાંપડી અને તેમના સાથીદારોએ અને વિદ્યાર્થીઓએ તાલીમ લઈ સમગ્ર ગુજરાતમાં બાળ-કેળવણીનું કામ યશસ્વી રીતે કર્યું. આના પરિપાકરૂપે ગુજરાતને બાળકેળવણીનું સાહિત્ય પણ સારીરીતે પ્રાપ્ત થયું

એ સાહિત્યનો નાનો સરખો અંશ આપવાનો આ અમારો પ્રયત્ન છે. આ કાર્યમાં શ્રી ઉર્મિલાબહેન શાહ શ્રી. જ્યોત્સનાબહેન શોધન શ્રી સ્મિતાબહેન ઝવેરી અને શ્રી ભાનુબહેન ત્રિવેદીએ જે રસ દાખવ્યો છે તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી વિરમુ છું.

આ નાની પુસ્તિકા માટે ગિજુભાઈનું લખાણ પ્રગટ કરવા દેવા બદલ પૂ. વિમુબહેન બધેકાના અને બ્લોકનો ઉપયોગ કરવા દેવા બદલ આર. આર. શેઠની કંપનીનાં અમે આભારી છીએ. આ પુસ્તક પ્રગટ માટે વાઘબકરી ચાવાળા સંચાલિત આશા-કિરણ ટ્રસ્ટના સૌજન્ય બદલ ટ્રસ્ટનો આભારી છું.

હિનુભાઇ દવે

શ્રાવણ સુદ–૭, સંવત ૨૦૪૨
સંસ્થાનો ૬૨ મો સ્થાપનાદિન.

# આબાપોને

## બાળકનું ઘરમાં સ્થાન કયું ?

રોજ-રસોઈ કોને પૂછીને થાય છે ?

બાળકને આ વસ્તુ ભાવશે કે નહીં, તેને આ પચશે કે નહીં, એવા વિચાર રાંધતી વખતે કેટલી માતાઓ કરે છે ?

બાળકોને કંઈ ભાવે નહીં, તો આપણે કહીએ કે તેને ખાતાં જ કયાં આવડે છે ? એને સ્વાદનું ભાન જ કયાં છે ?

તીખું લાગે ને બાળક ખાવાની ના પાડે, તો આપણે કહીએ કે તીખું ખાવાની ટેવ તો પાડવી જોઈએ ના ?

આપણને ખારું-ખાટું ગમતું હોય તો આપણે તેને ખારું-ખાટું ખાવાનાં હિમાયતી કરીએ, ભાત ભાવતો હોય તો ભાતના ને શાક ભાવતું હોય તો શાકના હિમાયતી કરીએ.

બાળકે આપણા હુકમને અનુસરવું જોઈએ જ, કારણકે આપણું શરીર તેના કરતાં મોટું છે. પણ એટલેથી આપણને સંતોષ કયાં છે ? એણે તો આપણી ટેવોને, આપણા શોખોને ને આપણી પસંદગીને પણ પોતાની જ કરવી જોઈએ.

આપણે જેમ બેસીએ તેમ બેસતાં તેણે શીખવું જોઈએ; આપણે જેમ બોલીએ તેમ તે બોલે તો જ તેને બોલતાં આવડયું કહેવાય, આપણે જે ખાઈએ તે બાળક ન ખાય તો તેને ખાતાં કયાંથી આવડે ?

આપણે ઈચ્છીએ છીએ કે જેવા આપણે છીએ તેવાં બાળકો થાય. આપણે પોતે જ ઠરાવી દીધું છે કે બાળકો માટે આપણો આદર્શ પૂરતો છે. આપણાથી ઉચ્ચ વૃત્તિનાં ને શક્તિનાં બાળકો થઈ શકે એ ખ્યાલ આપણામાં છે?

આપણા પૂર્વજો કરતાં કેટકેટલી બાબતોમાં આપણી ચડતી થઈ તેનો ઇતિહાસ આપણે જાણીએ છીએ ?

દુનિયા આગળ વધે છે કે પાછળ જાય છે ?

બાળવિચારને આપણા હૃદયમાં કેટલું સ્થાન છે ? બાળકને વિલાયતીને બદલે દેશી કપડાં પહેરવાં હોય તો તો આપણને આપણું અર્થશાસ્ત્ર આડે નથી આવતું ? આપણે આપણી સ્વાર્થી દૃષ્ટિ ભૂલી જઈએ છીએ ખરા ? નવા યુગની કલ્પના એને પણ ઝીલવાં નથી દેતાં એ વાત ખરી છે કે ખોટી ?

ઘણાં બાળકોને માથે ટોપી પહેરવી અથવા પગમાં જોડા પહેરવા નથી ગમતાં; પણ દીકરો ઉઘાડે માથે અને ઉઘાડે પગે હોય તો બાપની આબરૂ જાય તેનું શું ?

પહેરણનું ગજવું બાપને ગમે ત્યાં જ થાય ના ? બાળકની સગવડ જોવાની વાત તો ધ્યાન પર જ કેમ લેવાય ?

છોકરીનાં ઘાઘરી–પોલકાની જાતો તો માએ જ નક્કી કરવી જોઈએ ના ? બાળકમાં પસંદ કરવાની શક્તિ છે,

એમ માને છે જ કોણ ? આપણે ક્યાં નાનપણમાં જાતે પસંદ કરવા જતાં હતાં ? આપણે ગુલામ રહ્યાં એટલે બાળકે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ ના ?

કયે વખતે ને કયે દિવસે કેવાં કપડાં બાળકે પહેરવાં તેનો નિર્ણય તો અનુભવી માતા જ કરે છે, માતાની આંખને ગમે તે સૌને ગમે. વરઘોડા કે સભાને યોગ્ય કપડાં બાળકે ન પહેર્યાં હોય તો આબરૂ તો માતાની જ જાય ને ? નાનાં બાળકોની શી પ્રતિષ્ઠા ?

મા બાપોની પ્રતિષ્ઠા જાળવવાનાં બાળકો તો સાધનો !

મા બાપોની દંભવૃત્તિ અને અભિમાનવૃત્તિ સંતોષવાનું બાળકો તો સાહિત્ય !

ઘરડી મા ન પહેરી શકે ત્યારે બાળકને લાદે. માને સોગ હોય તો બાળકે મજા ન કરવી !

બાળકો તો છેક નાનાં નમાલાં ! એને રંગનું ભાન ક્યાંથી ? એને વળી કલાની કદર શી ? એને સૌંદર્યનો ખ્યાલ હોય જ શાનો ? એ તો માબાપની મોટીમોટી ઢીંગલીઓ. માબાપ પોતાની મરજી પ્રમાણે બાળકને શણગારે ને તેને જોઈ રાજી થાય; તેને રમાડે ને જમાડે. આટલુંય બહુ સારાં ગણાતાં માબાપોનાં બાળકો પામે.

બાળક કુદરતનું બચ્ચું. ખુલ્લી હવાને બાલસૂરજનો તડકો, એ એના પ્રિય દોસ્તો. પૃથ્વીનો ખોળો માના પ્રિય

ખોળા કરતાંયે બાળકને વધારે વહાલો. પૃથ્વી તો માતા-નીયે મા.

પણ બાળકને ખુલ્લી હવામાં જવા દઇએ તો એને શરદી ન થઇ જાય? સૂરજનો તાપ લાગે ને તાવ આવે તો? ને જમીન ઉપર રખડવાથી તો કપડાં બગડે ને શરીર પણ બગડે. આ આપણી માન્યતા.

સૂવાથી પથારી બગડી જાય, માટે પથારીમાં સૂવું નહીં: રમવાથી કપડાં બગડી જાય, માટે રમવું પણ નહીં આ આપણો ન્યાય.

આપણે માટે એક કાયદો; બાળકો માટે બીજો કાયદો.

પણ કોઇ વાર કોઈએ પૂછી જોયું કે, "બાપુ! તારે રમવું છે કે કપડાં સાચવવાં છે?"

કેવો માથામાં લાગે એવો જવાબ મળશે!

કુદરતનો સહવાસ બાળકમાં જીવન રેડે છે. પૃથ્વીના સ્પર્શમાં બાળકના કેવા આનંદો છે તે કોઇએ જાણ્યું છે?

તમે પાછળ દોડો ને એ આગળ દોડે ત્યારે જ તમે સમજી શકો કે છૂટું રમવું બાળકને કેટલું બધું ગમે છે!

કોઇને ખ્યાલ છે કે બાળકને મન આખી સૃષ્ટિ જીવન એ જ ચમત્કારથી ભરપૂર લાગે છે?

પૃથ્વીની નિર્દોષ ધૂળ આપણા ચંદન કરતાંયે તેને વહાલી છે.

પવનની મીઠી લહેરો આપણી વિકારી ચૂમીઓ કરતાંયે એને પ્રિય છે.

બાલસૂરજનાં કોમળ કિરણો આપણા કર્કશ હાથ કરતાં એને કૂણાં લાગે છે.

આપણે જ્યાં કશું ભાળતાં નથી ત્યાં બાળક ચમત્કાર ભાળે છે.

નાનું કૂદકું ભાળી બાળક ગાંડું બને છે. પતંગિયું જોઈ તે પતંગિયું જ બની જાય છે. દેડકું જોઈ તે કૂદે છે; ઘોડો જોઈ તે હણહણે છે; ગાયને ભાળી તે ડચકારો કરે છે.

નાનું ઘાસનું તરણું બાળકનો મોટો સંગ્રહી રાખવા જેવો પદાર્થ છે.

તેના ખીસાંમાં જુઓ તો ઘાસનાં તરણાં મળે, ફૂલો પાંદડાંના ડૂચા જડે.

કુદરતમાં નાહ્યા વિનાનું બાળક કુદરતના ભેદો કેમ ઉકેલશે ?

ચાંદની, નાની શી નદી, ખેતરોની ધૂળ, વાડીનાં ઘરો, ટેકરીના કાંકરા, ખુલ્લા મેદાનની હવા અને આકાશના રંગો બાળકને મળેલી કુદરતી ભેટો છે.

એનો છૂટે હાથે ઉપયોગ લેતાં આપણે તેને કેમ અટકાવીએ ?

બાળકને ખુલ્લા આકાશ તળે અને ઉઘાડી પૃથ્વી

ઉપર રાત–દિવસ રાખવામાં આવે તો તેઓ ઘરમાં આવવાની વાત જ ન કરે.

ફૂલો તો તેના દિલના દોસ્તો એને જોઈને તો એ ગાંડું બને; આઘેથી ફૂલો જુએ ત્યાં નાકનું ટીચકું હલે; મોં ઉપર અજવાળું પથરાય; દાંતની કળીઓ દેખાઈ જાય; ગાલ ઉપર બે નાના એવા ખાડા પડે.

બાળક ફૂલ ઉપર આફરીન; માતા બાળક ઉપર આફરીન!

બાળક પહેલાં કુદરતની મીઠાશ સમજે ને પછી તે આપણી મીઠાશ સમજે.

બાળક ધૂળમાં આળોટી ઊંચે રહેલા આકાશની સામે જોઈ રહે છે ત્યારે એ શું કરતું હશે?

આખી કુદરતને તે પીતું હોય છે. આખી સૃષ્ટિ તે ભરી દેતું હોય છે.

ચાંદો તેને રોજને રોજ નવો નવો આનંદ આપે છે.

ચાંદો રાતે જ દેખાય. એને એમ થાય કે ચાંદો દિવસે ક્યાં સંતાઈ જતો હશે? સંતાકૂકડીની રમત બાળકો ચાંદા પાસેથી જ શીખ્યાં હશે?

આપણે તો હબૂક પોળીનો ગમે તે અર્થ કરીએ; એ કામ તો રહ્યું લોકસાહિત્યાચાર્યોનું. ભલે આપણે બાળકને છાનું રાખવા હબૂકપોળીની રમત રમાડીએ; પણ બાળક તો એમ જ સમજતું હશે કે મને ચાંદાનું તેજ ખવરાવે છે.

ચાંદાનું તેજ—તેની શીતળતા કોને ન ગમે ?

બાળકની મજા તો ચાંદાનો રંગ જોવામાં છે. એની ચાંદનીથી નાહવામાં છે, એનું તેજ આંખે ભરવામાં છે.

ચાંદામાં હરણને ડોસી દેખાય છે એ વાત બાળક તુરત જ માની લે છે, એ એનું ભોળપણ નહીં પણ ગાંડપણ. કુદરત સાથેની એની એટલી લગની. વિજ્ઞાનની કર્કશતા બાળકના મગજને ન રૂચે. એમાં જ બાળકોને પરીઓની વાતો ગમે છે. અદ્‌ભુતતા એ એનો સ્વભાવ અને અદ્‌ભુતતા એ એની મજા !

પણ આપણે બાળકને લઇને ચાંદનીમાં ફરવાને કયાંથી નવરા હોઇએ?

આપણે ચાંદની ઉપર કાવ્ય ન કરવું હોય ? આપણે હરણ અને ડોસીની લોકવાર્તાનું મૂળ ન શોધવું હોય ? આપણે ચંદ્રમામાં જીવંત પ્રાણીઓ છે કે નહીં તેની શોધ ન કરવી હોય ?

આપણે તે નવરા કયાંથી હોઇએ ?

માણસ સાચો કવિ તે કયાંથી થાય ?

માણસને ચિત્રકલામાં ચમત્કાર કેમ લાગે ?

કુદરતને પી ગયા વિના માણસ કુદરત ચીતરે કયાંથી ? તેનું ગાન શી રીતે ગાય ? તેની કવિતા શી રીતે કરે ?

વગર જમ્યે કદી પેટ ભરાય છે ?

બાળકને કુદરતથી દૂર રાખી આપણે એને કેવું બનાવશું ?—દેવ કે રાક્ષસ ?

ફરી વાર એ જ પ્રશ્ન પૂછું છું. બાળકનું ઘરમાં સ્થાન શું ?

બાળકો માટે કયો ઓરડો ? એનો વિચાર મકાન બાંધતી વખતે કોઇ કરે છે ?

ઘર ભાડે લેતી વખતે, આમાં બાળકોને રમવાનો જગ્યા છે કે નહીં તેનો વિચાર આપણે નથી કરતા. મોરી છે કે નહીં, રસોડામાં અજવાળું છે કે નહીં, સૂવાની જગામાં હવા આવે છે કે નહીં, નાહવાને નળ અને શૌચ માટે જાજરૂ છે કે નહીં, ને ગોદડાં–ગાદલાં તડકે નાખવાનો અગાશી છે કે નહીં, એ પ્રશ્નો ઘરધણીને આપણે પૂછીએ છીએ. હજી સુધી કોઇએ પૂછયું છે અથવા ઘરમાં જઈ તપાસ કરી છે કે, ઘરમાં બાળકોને રમવાની જગ્યા છે કે નહીં ?

ઘર ભાડે લેતાં આપણને બાળકો કયાંથી જ સાંભરે ? બાળકો માટે વળી અલાયદી જગ્યા કેવી ? એ વિચાર જ આપણને નવો લાગે છે !

એટલાં નાનાં નાનાં પ્રાણીઓનો આજથી હક ? એમને માટે વળી આજથી જ ખટપટ ! આખું ઘર જ એમનું છે ના ? ખાય, પીએ ને મજા કરે છે ! આખા ઘરમાં ફરતાં, હસતાં ને રમતાં કોણ એમને રોકે છે ?

પણ ક્યાં એણે ગાવું ?

ક્યાં એણે વાતો કરવી ?

ક્યાં એણે રમવું ?

ક્યાં એણે ખેલવું–કૂદવું ?

રસોડામાં માને ગરબડ થાય; બધી ગોઠવણ ઊંધી વળે! રસોડું બગડી જાય. વળી માતા પાઠપૂજા કરતી હોય તો તો તેમાં ભંગ જ પડે ના ?

ત્યારે દીવાનખાનામાં તો પિતાજી છાપું વાંચતા હોય ! કાં તો અસીલ માટે કેસ તૈયાર કરતા હોય! કાં તો ગામમાં ભાષણ આપવાની નોંધ કરતા હોય. ત્યાં ગરબડ કરવાની રજા ક્યાંથી મળે ?

પણ ઓસરીમાં મોટાભાઈ ને મોટીબહેન પાઠ કરતાં હોય ત્યાં પણ ન જવાય, ન રમાય ને ન ગવાય !

એ તો જ્યાં ગયા ત્યાંથી પાછા.

કદાચ એકાદ એકાંત ખૂણો મળી ગયો તો બાળકે કલ્પનાથી ઢીંગલી–ઢીંગલા રમવું. ખોટું ખોટું ખાવું ને ખોટું ખોટું વાવું.

આમ કાંઈ કલ્પનાશક્તિ ન ખીલે.

કેળવણીશાસ્ત્રીઓનો આ ભ્રમ છે.

આપણે માટે ને આપણા મહેમાનો માટે ટેબલ હોય, ખુરશી હોય, ચટાઇ હોય, જાજમ હોય વગેરે વગેરે

હોય. બાળક માટે ખાસ કરીને રાખેલો કોથળો પણ હોય છે ખરો ?

એની પાસે એનો ભાઈબંધ બેસવા આવે તો એને ક્યાં બેસાડવો?

પણ આપણે ક્યાં જાણવાનોયે પ્રયત્ન કરીએ છીએ કે નાનાં બાળકોને દોસ્તો હોય છે ?

દોસ્તો આપણને જ હોય. નાનાં બાળકો વળી દોસ્તીમાં શું સમજતાં હશે ? પણ આપણી દોસ્તી સ્વાર્થી; બાળકની દોસ્તી નિર્દોષ.

આપણી પાસે આપણાં દાગીનો અને કપડાં મૂકવા કબાટો, ટ્રંકો ને પેટીઓ છે. બાળકોએ એમનાં છીપલાં ને શંખલાં ક્યાં રાખવાં ? એમનાં પીંછાં ને ઢીંગલી-પોતિયાંને મૂકવાની એકે જગ્યા ખરી ?

આપણી વસ્તુની ચોરી થઈ જાય તો બાળકને મન કંઈ નહીં. પણ એનાં પીંછાં ને ફૂટલી કોડીઓ કોઈ લઈ જાય તો ? એને મન તો આખું રાજ ગયું ! અને છતાં આવા કીંમતી સંગ્રહ સાચવી રાખવાને આપણે એને એક પેટી કે ડબલુંયે ન આપીએ ! કેવી આપણી વિચિત્રતા ?

ખરી રીતે તો બાળકને ગણે છે જ કોણ ? એ અંબાઈ શકે તેટલી ઊંચાઈએ ઘરમાં ખીંટીઓ ક્યાં છે ? અભરાઈઓ ક્યાં છે ? ઘરમાં વસાવેલા સારાં સારાં ચિત્રો

બધાં ઊંચે ટાંગેલાં હોય છે. એના તરફ આપણી નજર ભાગ્યે જ જાય છે તો પછી બાળકને તો એ ખપનાં જ નહીં ના ?

બાળકનાં કપડાં આપણે ટાંગીએ.

ઊંચેથી લોટા-પ્યાલા આપણે ઊતારી દઈએ.

મોટા પાટલા આપણે નાખી દઈએ.

થાળી પણ આપણે માંડવી જોઈએ.

બાળક બિચારું શું કરે? મોટી મોટી વસ્તુઓને એ શી રીતે પકડી શકે? એને મન તો ઘણુંયે થાય પણ કેમ કરે ?

આપણે જાણીએ કે બાળક સશક્ત નથી; આપણે તેને બદલે કરવું જોઈએ. બાળકપ્રેમી માતા પિતા એમ જાણે કે આપણે બાળકને ખૂબ સુખી કરીએ છીએ.

બાળકના મહત્ત્વને સમજવાનો દાવો કરનાર કહે અમે બાળકને બદલે જે બધું કરીએ છીએ, તે તેની પૂજા કરવા ને તેને માન આપવા કરીએ છીએ. પણ બધું બાળકોને પળે પળે અપંગ કરે છે, બાળકને ગુલામ બનાવે છે. જેના આપણે ગુલામ બનીએ છીએ તે આપણો મોટો ગુલામ થાય છે !

આપણે બાળક ઉપર વિશ્વાસ કરીએ છીએ? કાચાં વાસણ તેને ઊંચકવા દઈએ છીએ! કોઈને રસોઈ પીરસવા

દઈએ છીએ? બત્તી કરવા દઈએ છીએ? તેના નાના નાના રૂમાલો અને કપડાં ધોવા દઇએ છીએ ?

આપણે કહીએ છીએ કે એનાથી ન બને; આપણે માનીએ છીએ કે એનામાં વ્યવસ્થા કરવાની શકિત જ નથી. પણ આપણને આંખ જ કયાં છે ?

અજ્ઞાનનું ઘોર અંધારું આપણી ફરતું ફરી વળ્યું છે. એના ઉપરના વિશ્વાસથી એને કોઈ વાર આપણે તક આપી છે ?

આપણે એને બદલે કદી ખાતાપીતા નથી. આપણે એને બદલે ચાલતા નથી. આપણે એને બદલે રમતા નથી.

પણ આપણે એને બદલે એનાં વાસણ ઊટકીએ છીએ; એને લૂગડાં પહેરાવીએ છીએ; એને પાટલા નાખી દઇએ છીએ.

આપણને આપણા જોગું કામ કરવાની મના થાય તો? આપણે માટે બધું કામ બીજાં જ કરે તો ? આપણે ગુલામ કે શેઠ ?

એવી શેઠાઈ આપણે પસંદ કરીએ ?

એ શેઠાઇ કે મૃત જીવન ?

બાળકો તો બધું કરી શકે. નાનાં નાનાં વાસણો ઊટકી શકે; નાની સાવરણીએ વાસીદું વાળી શકે, નાની બ્હેનને હીંચકો પણ નાખી શકે.

પણ આપણને એ ક્યાં સૂઝયું જ છે ?

બાળકને યોગ્ય સ્થાન આપીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગનું રાજ્ય સ્થપાય. ઘરમાં દેવો રમવા આવે. દેવોને મૃત્યુલોકમાં અવતરવું પડે.

સ્વર્ગ બાળકના સુખમાં છે.

સ્વર્ગ બાળકની તંદુરસ્તીમાં છે.

સ્વર્ગ બાળકની નિર્દોષ મસ્તીમાં છે.

સ્વર્ગ બાળકના ભોળા ગાન-ગુલતાનમાં છે.

---

# બાળકો સાથે વર્તન

બાળકો એ જીવન-સુખની પ્રફુલ્લ તેમ જ પ્રસન્ન ઉઘડતી એવી કળીઓ છે. મા-બાપનાં હૃદયનાં એ પવિત્ર અને નિર્મળ પ્રતિબિંબો છે. પણ જ્યાં અને ત્યાંથી ખોટા અને સાચા આદર્શોનો મોટો ખીચડો ખાનાર માબાપો પોતાનાં જ હૃદયોને પોતે પિછાની શકતાં નથી. પોતાના જ જીવનની સંભાળ લેવામાં તેઓ દુર્લક્ષ રાખે છે. પોતેજ પોતાને ધિક્કારે છે. પોતે બાળકોને નિંદે છે, વઢે છે, લડે છે, 'હાય હવે તેમાંથી કેમ છૂટીએ ?' તેવો પણ કોઈવાર ઉદ્ગાર કાઢે છે ! કાકા, દાદા, કે મા-બાપાને સોંપીને રખડવા, ભમવા. આનંદ-વિહાર કરવા, ભણવા, નાચવા, કૂદવા નીકળવાની હોંશ કરે છે. અને ફાંફા મારે છે.

બેશક માબાપોને માટે જીવન છે. સુંદર અને પ્રેમમય જીવન છે. અને હોવું જોઇએ. પરંતુ તે જીવનનું કેન્દ્ર બાળક છે, તે જીવનનું કાવ્ય બાળક છે, તે જીવનનાં સુગંધ અને સૌન્દર્ય બાળક છે, તે જીવનનું સુખ બાળક છે, તેની આસપાસ પોતાના જીવનના લહાવા તેમણે ગોઠવવાના છે. બાળક સાથે ગૂંથાયેલું પ્રેમ જીવન પ્રેમનું ઘન સ્વરૂપ છે. શુદ્ધ અને સાત્વિક સ્વરૂપ છે. કારણ કે એમાં ત્યાગનું સુખ છે.

આપણે આપણા બાળક પ્રત્યે આપણી પોતાની ફરજ વિષે વાત કરીએ. માબાપોની બાળક પ્રત્યે એટલી મોટી અને ગંભીર ફરજ છે કે એના ઉપર ભાગવત લખીએ તો પણ નાનું જ ગણાય.

અમારી પ્રથમ ઇચ્છા છે કે આપ આપના બાળકને કદી પણ શિક્ષા ન કરો. શિક્ષાથી બાળકને શરીરપીડા થાય છે તેની મને જરા પણ ચિંતા નથી કારણ કે મારની અસર તો થોડો જ વખત રહે છે; બાળક તો ભૂલી પણ જાય, પરંતુ શિક્ષાથી જે ભય ઉત્પન્ન થાય છે તે ભંયકર છે, પ્રાણઘાતક છે, દુષ્ટ છે. ભયને લીધે બાળક બીકણ, જૂઠાબોલું ને નામર્દ થાય છે, ભયને લીધે બાળક આગળ જતાં દુરાચારી થાય છે. આપણે આજે ધર્મથી સમાજથી, રૂઢિથી, જ્ઞાતીથી, સત્તાથી બીએ છીએ તેનું કારણ શું ? તેનું કારણ આપણામાં નાનપણથી પેસી ગયેલો ભય જ છે. બીજાના ભયને લીધે જ આપણે જૂઠું બોલીએ છીએ આજે આપણે બાળકોને ભય બતાવી ડરાવી શકીએ છીએ. કાલે તેને શિક્ષક ડરાવી શકે છે. ને વરસ દહાડે તેને પોલિસ ડરાવી શકે છે. તમે તમારા બાળકને ગમે તે રીતે ભયમાંથી બચાવો.

આપ શિક્ષા કરીને બાળકને બાયલું અને ખોટાબોલું બનાવશો: પણ લાલચ આપીને, ફોસલાવીને તો તેને નાલાયક બનાવી મુકશો !

આપણે આપણાં બાળકોને સમજતાં નથી તેથી આપણે તેમનાથી કંટાળીએ છીએ, અને તેઓ આપણાથી કંટાળે છે. તેમના વિષેની આપણી ઉપલક સમજણથી આપણે તેમનું વારંવાર અપમાન કરીએ છીએ, અને વારંવાર આપણે તેમને અત્યંત દુઃખી કરીએ છીએ. બાળક સંપૂર્ણ મનુષ્ય પ્રાણી છે, તેને બુદ્ધિ છે, ભાવ છે, અભાવ છે, એને પોતાની જીંદગી છે. આપણે આવા બાળક મનુષ્યને પૂર્ણપણે સન્માન આપવું ઘટે છે. ઘડીએ અને પહોરે આપણે તેને તુચ્છકારીએ છીએ, હડસેલીએ છીએ, નાની નાની બાબતમાં તેને પાછું પાડીને ઉતારી પાડીએ છીએ, ને તેની નજીવી અપૂર્ણતા માટે તેને ઝાંખું પાડીએ છીએ; એ બધું તેને અત્યંત દુઃખકારક છે; અપમાનકારક છે. વળી આપણે તેની દુનિયા જાણતા નથી એટલે આપણો જ કક્કો ઘુંટાવવાનો આગ્રહ કરીએ છીએ. આપણાં વિચાર તે તેના વિચાર, આપની ઇચ્છા તે તેની ઈચ્છા, આપણને ગમે તે તેને ગમે, આપણા ભાવાભાવ તે તેના ભાવાભાવ; આપણો ધર્મ તે તેનો ધર્મ, એમ માની બેસીએ છીએ. બાળક ઉપર આપણે આપણી એ માન્યતા લાદીએ છીએ. આમાં આપણે ગંભીર ભૂલ કરીએ છીએ

❋

આપ આપના બાળકને તોફાની કે હઠીલું ન ગણતાં આપે એમ જ માનવું કે બાળક તોફાની હોય જ નહિં, હઠીલું તો એને આપણે જ બનાવીએ છીએ. બાળક જ્યારે

આપણું ધાર્યું નથી કરતું ત્યારે આપણે તેને તોફાની કહીએ છીએ. બાળક જ્યારે ઘરનો સામાન ભાંગે છે, ફોડે છે, બીજાને કનડે છે કે રખડવા ઉપડે છે ત્યારે તેને તોફાનીનું ઉપનામ મળે છે. બાળક પોતાનું મનધાર્યું કરે છે ને લીધી વાત મૂકતું નથી ત્યારે આપણે તેને હઠીલું કહીએ છીએ. ખરી રીતે તો આ બંને બાબતો ગુણો છે, અને અમુક ઉંમરે તે બાળકમાં ન હોય તો તેનો વિકાસ થાય નહિ. સત્તાની સખતાઈ બાળકને પસંદ નથી. કોને માન આપવું અને કોને માન ન આપવું તે બાળકને તરત જ સમજાઈ જાય છે. બાળક જ્યારે ભાંગફોડ કરે છે. ત્યારે તે તોફાન નથી કરતું પણ પોતાની ક્રિયાપ્રધાન વૃત્તિને સંતોષવા માંગે છે; તે તેનો વિકાસ શોધવા ચાહે છે. રખડવા માંગતું બાળક આપણા ઘરને કાંતો પસંદ નથી કરતું અથવા તો પોતાની શારીરિક કસરતની જરૂરિયાતોને તૃપ્ત કરવા દોડે છે. પોતાનું ધાર્યું કરનાર બાળક કંઈ જ ખોટું કરતું નથી. તે જો કોઈને નુકસાન ન કરતું હોય, પાપી કૃત્ય ન કરતું હોય, તો ભલે તે પોતાને ગમે તે કરે; આપણે તેની વચ્ચે શા માટે પડીએ ? પોતાનું ધાર્યું એને ન કરવા દઈએ પણ એની પાસે આપણું જ ધાર્યું કરાવીએ તો તે અયોગ્ય છે.

આપણે એનું ધાર્યું ક્યાં કરવું ને ક્યાં ન કરવું; એનો વિચાર જરૂર કરવાનો છે. આપણે એના ગુલામ પણ

નથી બનવું, તેમ આપણે તેના વિકાસના વિઘાતક પણ નથી થવું, આ પ્રશ્ન વિવેકનો છે, અને પ્રત્યેક માબાપની વિવેક-બુદ્ધિ ઉપર જ છોડી દેવો જોઈએ.

❖

બાળક સાથે કામ પાડવામાં આપે એક વાત પકડી રાખવી, એ વાત એ છે કે **સો 'હા' સારી પણ એક 'ના' નહિ સારી.** બાળક પોતે જે કંઈ પોતાની જાતે જ કરવાનું માંગે તેમાં 'હા' જ પાડવી. તેને 'હા' પાડો અને કામ કેમ થાય તે બતાવો એટલે બાળક બધી બાબત મોટા માણસ પેઠે કરશે. અત્યંત વિચાર કરીને 'નકાર' ભણો. જે કરવા દેવું પડે તેમાં પહેલાં ના પાડીને પછી હા ન પાડો, હા પાડીને ના પાડવામાં જે નુકશાન છે તેનાં કરતાંયે ના પાડીને હા પાડવામાં વધુ છે. બાળક ત્યારથી શીખે છે કે 'ના'ની 'હા' થઈ શકે છે; માત્ર તેણે કજિયો કરવાનો છે. આપણે બાળકમાં અવિશ્વાસ રાખીએ છીએ, આપણે તેને કંઇ કામ સોંપતા નથી, સોંપવું પડે તો ખૂબ આનાકાની પછી અથવા અવિશ્વાસના ઉદ્દગારો સાથે. આથી બાળકમાં અશ્રદ્ધા પેદા થાય છે. તે પોતાની શક્તિ ગુમાવી બેસે છે.

❖

માબાપોની એક બૂરી ટેવ તરફ હું ધ્યાન ખેંચું છું. તેઓ પોતાના છોકરાંઓને મહેમાનો આગળ કે મિત્રો આગળ રજું કરી તેમની પાસે કંઈક બોલાવરાવે છે, ગવરાવે છે

વગેરે વગેરે આમ કરાવવાથી કદાચ મિત્રો તો ખુશી થાય પણ બાળકને તો ભારેમાં ભારે નુકશાન થાય છે. તે ઉપ-લકિયું બને છે. તેને એવી ટેવ પડે છે કે જ્યારે કોઈ વખાણીને જોનાર હોય કે ઉત્સાહ આપનાર હોય ત્યારે જ તેને કામ કરવું ગમે. તે નાટકિયું થઈ જાય છે. આપણે એમને આપણાં રમકડાં તો ન જ બનાવીએ, આપણે પણ એના રમકડાં ન બનીએ.

નિશાળમાં બાળકને મોકલ્યું છે. માટે હવે બેફિકર સૂઈ રહો એ નીતિ ન સ્વીકારતાં આપ આપનાં ઘરનાં સૌને બાળકમાં રસ લેતા કરશો તો જ આપણે સફળતા મેળવશું.

# બાળકનું શિક્ષણ

નવા માબાપો સમજી લે કે બાળક કાંઈ માટીનો પીંડો નથી કે મીણનો લોંદો નથી કે તેનો જેવો ઘાટ ઘડવા માંગશું તેવો ઘાટ ઘડાશે. બાળક સચેતન વ્યક્તિ છે. અને તેની પ્રકૃતિના ગુણધર્મ પ્રમાણે તે પોતાને ઘડી પણ શકે છે. માબાપોએ તેમાં આડે ન આવતાં તેના કાર્યમાં મદદ કરવા માટે બાળકની બારીક પ્રવૃત્તિનું અવલોકન કરી તેની પડખે ઊભા રહેવાનું છે.

મારવાથી કે ઈનામથી બાળકો સુધરી શકતાં નથી પણ ઊલટાં બગડે છે. મારથી બાળકમાં ગુંડાઈ આવે છે, ઈનામથી તે વ્યભિચારી બુદ્ધિનું થાય છે, અને એ બંનેથી તે ગુલામ થાય છે.

બાળકો આપણને વહાલાં હોય તો આટલું આપણાથી ન જ થાય.—

આપણાથી એને ટોકાય નહિ. આપણાથી એનું અપમાન થાય નહિ. આપણાથી ભોજન સમયે તો એના પર ગુસ્સે થવાય જ નહિ. સૂતી વખતે આપણાથી કોઈ કારણુસર એને ન જ રડાવાય.

જમતી વખતે બાળકના આનંદનો વિચાર કરીએ. સૂતી વખતે બાળકનાં સુખી સ્વપ્નેનો ખ્યાલ કરીએ.

બાળક ખાતર આપણે આપણાં પડોશી સાથે વઢીએ નહિ. હલકા પડોશથી દૂર નાસીએ. આપણા હલકા મિત્રોનો ત્યાગ કરીએ. દુષ્ટ ભાઇ બહેનો કે અન્ય સબંધીઓને સલામ કરીએ.

બાળક આપણને પ્રિય હોય તો તેને બગાડીએ તો નહિ જ. ચાકર રાખી તેને ન બગાડીએ. વિલાયતી રમકડાંની મોહિનીથી તેને ન બગાડીએ. પહેલેથી જ હિંસાનો પાઠ ભણાવી તેને પશુ ન બનાવીએ.

બાળકનાં સાચાં મા બાપ થવા માટે આપણે યોગ્ય થવું જોઇએ.

બાળકનું સુખ શામાં છે તે આપણે વિચારીએ. આપણે આટલું તો જરૂર જ સમજીએ;–

બાળકનું સુખ તેને જાતે જ ખાવાપીવા દેવામાં છે; કોઇ તેને ખવરાવે તેમાં નહિ જ.

બાળકનું સુખ તેને જાતે નહાવા દેવામાં છે, કોઈ તેને નવરાવે તેમાં નહિ.

બાળકનું સુખ તેને પોતાની મેળે જ ચાલવા દેવામાં છે. કોઈ તેને તેડે તેમાં નહિ.

બાળકનુ સુખ તેને જાતે ખેલવા દેવામાં છે કોઈ તેને રમાડે–ખેલાવે તેમાં નહિ.

બાળકનું સુખ તેને જાતે ગાવા દેવામાં છે, કોઇ તેની પાસે ગાઇ બતાવે કે ગવરાવે તેમાં નહિ.

બાળકનું ખરૂં સુખ બધું બાળકને પોતાને કરવા દેવામાં છે; કોઈ તેનાં કુદરતી હક્કોને મારે તેમાં નહિ.

જે માબાપો એમ માનીને પોતાના બાળકોને મંદિરમાં મોકલે છે કે અહીં તો બધું વહેલું અને જાદુથી ભણાવી દેવામાં આવે છે. તેમની સમજણ પણ ચોખ્ખી થવાની જરૂર છે. કાંઈ ભણતર જાદુથી શીખવી શકાય જ નહિ. અમે જાદુથી ભણાવતાં નથી, તેમ જ ભણાવી શકીએ પણ નહિ. શાળાના સ્વતંત્ર અને પોષક વાતાવરણમાં બાળક પોતાની શક્તિના પ્રમાણમાં થોડું યા ઘણું શીખી લે છે. એક જ વાતાવરણમાં સૌ રહે છે. છતાં તેમની કુદરતી શક્તિનો ભેદ ત્યાં રહે છે. તેમનાં ઘરનું સંસ્કારી વાતાવરણ પ્રત્યક્ષ થાય છે.

બાળક કોઇને કોઇ બાબતમાં પોતાની સુંદરતા અને વિશેષતા બતાવી રહ્યું છે. કોઇ આગળ છે, કોઇ પાછળ છે, કોઇને એક વસ્તુ ઓછી આવડે છે, તો બીજી વસ્તુ ઓછી આવડે છે. પણ સૌનો શરીરવિકાસ અને મનોવિકાસ અસ્ખલિત વહ્યો જાય છે.

---

વિકાસ મુદ્રણાલય : વિકાસગૃહ : અમદાવાદ-૭.